ક્રમાંકઃ– હિસાબી–૨/વર્કશોપ/૨૦૧૯–૨૦/૪૩૮૭૬ – ૭૭

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જીલ્લો,પાલનપુર
તારીખઃ–૨૩/૦૯/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ બીન સરકારી માધ્યમિક ઉચ્ચતર માંધ્યમિક શાળાઓ
બનાસકાંઠા જીલ્લો.

વિષયઃ– તા.૨૬/૯/૨૦૧૯ ના રોજ એક દિવસીય વર્કશોપ યોજવા પરિપત્ર કરવા બાબત.

સંદર્ભઃ– શ્રી બનાસકાંઠા જિલ્લા ઉચ્ચ. માધ્ય. શિક્ષક સંઘના પત્રનં.રૂબરૂ/ તા.૨૩/૯/૨૦૧૯

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્રથી શ્રી બનાસકાંઠા જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘના પત્રમાં સંઘ ધ્વારા ઉ.મા. વિભાગમાં નવો અભ્યાસ ક્રમ દાખલ થયા પછી પ્રશ્નપત્ર માળખામાં પણ કેટલાક ફેરફાર થયેલ છે જે અનુસંધાને ધો.૧૧ અને ધો.૧૨ અંગ્રેજી (સા.પ્ર) માં શિક્ષકમિત્રોને અભ્યાસક્રમ તેમજ પ્રશ્નપત્રના માળખા બાબતે કેટલીક સ્પષ્ટતાઓ કરવી જોઈએ. આ બાબતે શ્રી બ.કાં.જિ.ઉ.મા.શિ.સંઘ અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, બનાસકાંઠા, પાલનપુરના સંયુકત ઉપક્રમે આગામી તા.૨૬/૯/૨૦૧૯ ને ગુરુવારના રોજ શેઠશ્રી એમ.એમ.શાહ વિનય વિદ્યામંદિર, ગોળા, તા.પાલનપુર ખાતે એક દિવસીય વર્કશોપનું આયોજન કરેલ છે. જે માટે મંજુરી આપવા આ કચેરીએ રજૂઆત કરેલ છે.

ઉપરોકત વિગત ધ્યાને લઈ જિલ્લાની તમામ.ઉ.મા.શાળાઓ(સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાનપ્રવાહ) ના ધો.૧૧ અને ધો.૧૨ અંગ્રેજી શિક્ષકોને ગ્રાન્ટને પાત્ર ગુજરાત સરકાર, શિ.વિ.ના ઠરાવ ક્રમાંકઃ બમશ–૧૧૯૯–૭૪૧(૩) ગ, તા.૨/૭/૧૯૯૯ ના પરિશિષ્ટ–૨ માં જણાવેલ ઈતરખર્ચ માટે માન્ય ખર્ચની યાદીમાં જણાવ્યા મુજબ ક્રમ–૧૪ માં કાર્યશાળા સેમીનારમાં હાજરી આપવાનો ખર્ચ અને ક્રમ–૩૫ માં પરિપદ અન્વયેનો ખર્ચ અન્વયે શિક્ષકોને ડી.એલ.ગણી વર્કશોપ યોજવા માટે મંજુરી આપવામાં આવે છે.

**વર્કશોપની તારીખઃ– ૨૬/૯/૨૦૧૯**

**સ્થળઃ– શેઠશ્રી એમ.એમ.શાહ વિનય વિદ્યામંદિર, ગોળા, તા.પાલનપુર, જિ.બ.કાં.**

**સમય :– સવારે ૧૦–૦૦ કલાકેથી સાંજે ૧૬–૦૦ કલાક સુધી**

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા,પાલનપુર

નકલ રવાના જાણ સારૂ :– શ્રી વિપુલ એચ.જોષી, પ્રમુખ, શ્રી બનાસકાંઠા જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ, c/o શ્રી આર.આર.વિદ્યાલય, અમીરગઢ, તા.અમીરગઢ, જિ.બ.કાં. તરફ..

Scanned by CamScanner